# ટ્રાફિકજામથી હવે મુક્તિ મળશે, ઉનના સાતવલ્લાના ROBનું રવિવારે લોકાર્પણ

**કેન્દ્રીય મંત્રી** સી.આર. પાટીલ દ્વારા ઓવર બ્રિજ ઉપરાંત તળાવ, આરોગ્ય કેન્દ્રો, શાંતિકુંજના પણ લોકાર્પણ કરાશે

સુરત : કેટલાય વર્ષોથી સુરતથી નવસારી જવા માટે ઉન પાસે રેલવેના ઓવરબ્રિજ પર ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરતાં સુરતીઓની તકલીફનો અંત આવશે. આગામી રવિવારે ઉન પાસેના આ સાતવલ્લાના રેલવે ઓવર બ્રિજને ખુલ્લો મુકવામાં આવશે. સાથે સાથે શહેરના છેવાડે આવેલા સચિન-કનકપુર અને કનસાડ વિસ્તારના 51.98 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા વિવિધ પ્રોજેક્ટોનું પણ કેન્દ્રીય જળમંત્રી સીઆર પાટીલના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.

ધારાસભ્ય સંદીપ દેસાઈએ આ અંગે જણાવ્યું હતું કે, સુરત અને નવસારીને 'ટ્વિન સિટી' તરીકે વિકસાવવાના રાજ્ય અને કેન્દ્ર સરકારના ભગીરથ પ્રયાસોમાં રવિવારનો દિવસ એક મહત્વનું સીમાચિહ્ન સાબિત થશે. સુરત મનપાના સચિન-કનકપુર ઝોનમાં સુરતથી સચિન થઈ નવસારી જતા ૯૦.૦૦ મી.ના સ્ટેટ હાઈવે પર આવેલા આ હયાત રેલ્વે ઓવરબ્રિજને અંદાજિત ૩૫૩૯.૭૭ લાખના ખર્ચે પહોળો કરવામાં આવ્યો છે. જેનું લોકાર્પણ કરાશે. આ રેલ્વે ઓવરબ્રિજના વાઈડનિંગનું કામ પૂર્ણ થતાં માત્ર ટ્રાફિક હળવો નહીં કરે, પરંતુ સુરત અને નવસારી વચ્ચેના અંતરને ઘટાડી 'ટ્વિન સિટી'ના જોડાણમાં કરોડરજ્જુ સમાન ભૂમિકા ભજવશે. આ ઓવરબ્રિજના વાઈડનીગની કામગીરી પૂર્ણ થતાં સચિન જીઆઈડીસી, હોજીવાલા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને નવસારી, બીલીમોરા તરફ રોજિંદા અવરજવર કરતા હજારો લોકો માટે આશીર્વાદરૂપ બનશે. આ સાથે જ વર્ષોથી ટ્રાફિકની સમસ્યાથી ઝઝૂમતા વાહનચાલકોને મોટી રાહત મળશે. જ્યારે ટ્વિન સિટીના કોન્સેપ્ટમાં પરિવહન સૌથી મહત્વનું પાસું સાબિત થશે. આ સાથે જ પાલિકા દ્વારા જનસુખાકારી માટે તૈયાર કરાયેલા અન્ય પ્રકલ્પો જેવા કે પાલીમાં ૪૨૪.૦૩ લાખના ખર્ચે આકાર પામેલું નયનરમ્ય તળાવ, કનકપુર ખાતે ૨૩૩.૫૧ લાખ અને પાલી ખાતે ૨૩૫.૯૪ લાખના ખર્ચે નિર્મિત બે આધુનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, અને વરિષ્ઠ નાગરિકો માટે ૧૯.૪૫ લાખના ખર્ચે તૈયાર કરાયેલ શાંતિકુંજનું પણ લોકાર્પણ કરાશે.

# RTEની માહિતી નહીં આપનાર શાળાની ગ્રાન્ટ અટકાવાશે

**RTE ફી** સહાયની માહિતી 20 માર્ચ સુધી આપવા ડીઇઓનું અલ્ટિમેટમ

સુરતઃ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી તમામ ખાનગી પ્રાથમિક શાળાઓને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે.

વર્ષ 2025-26 માટે RTE હેઠળ મફત પ્રવેશ અપાયેલા વિદ્યાર્થીઓની ફી સહાય સંબંધિત માહિતી સમયસર રજૂ કરવા માટે શાળાઓને કડક નિર્દેશ આપવામાં આવ્યા છે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા અગાઉ 11 ફેબ્રુઆરી, 19 ફેબ્રુઆરી અને 5 માર્ચે પત્રો દ્વારા શાળાઓને જરૂરી માહિતી રજૂ કરવા જણાવાયું હતું. આ અનુસંધાને કચેરી દ્વારા કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, છતાં કેટલીક શાળાઓ દ્વારા હજુ સુધી માહિતી રજૂ કરવામાં આવી નથી. આથી, કચેરીએ સ્પષ્ટ જણાવ્યું છે કે જે શાળાઓએ હજુ સુધી માહિતી આપી નથી, તેમણે તા. 20-03-2026 (શુક્રવાર) બપોરે 3:00 વાગ્યા સુધીમાં પ્રાથમિક શાખામાં બિનચૂક માહિતી રજૂ કરવી જરૂરી રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારીએ વધુમાં ચેતવણી આપી છે કે જો નિર્ધારિત સમયમર્યાદામાં માહિતી રજૂ કરવામાં નહીં આવે તો આવી શાળાઓને સરકાર તરફથી મળતી ફી સહાય (ગ્રાન્ટ) ફાળવવામાં આવશે નહીં. આ ઉપરાંત, ભવિષ્યમાં ફી સંબંધિત કોઈ પણ પ્રકારની સમસ્યા ઉભી થશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળા સંચાલક મંડળ અને આચાર્યની રહેશે. આ નિર્ણયથી ખાનગી શાળાઓમાં હડકંપ મચી ગયો છે અને સમયસર કાર્યવાહી કરવા માટે દોડધામ શરૂ થઈ ગઈ છે.

# સુરત સહિતનાં સ્મશાનગૃહોનાં ગેસનું બિલ 'સેતુ' ચૂકવશે

**જૂના** કરાર મુજબ બિલ ગુજરાત ગેસને ચૂકવણીનો નિર્ણયઃ કમલેશ સેલર

સુરત : શહેરનાં વિવિધ સ્મશાનગૃહોમાં કાર્યરત ગેસ આધારિત ભઠ્ઠીઓ માટેના પાઈપલાઈન ગેસ માટે જેવી રીતે અગાઉ સેતુ સંસ્થા દ્વારા ખર્ચ અપાતો હતો તેવીજ રીતે હવેથી પણ આ સેતુ એટલે કે 'સોસિયો ઈકોનોમિકલ ટ્રાન્સફોર્મેશન એન્ડ અલ્ટીમેટ સોસાયટી' દ્વારા વર્ષ 1998-99માં થયેલા મૂળ કરારને યથાવત રાખીને તમામ સ્મશાનગૃહોના ગેસ વપરાશના બિલ ચૂકવવામાં આવશે. આ નિર્ણયથી શહેરનાં સ્મશાનગૃહ ટ્રસ્ટોને મોટી આર્થિક રાહત મળશે.

## 2030 સુધીની સુધારેલી શરતો પાછી ખેંચાઈ

તા. 15-09-2025ના રોજ શ્રી કુરૂક્ષેત્ર સ્મશાનભૂમિ જીર્ણોદ્ધાર ટ્રસ્ટના અગ્રણી કમલેશ સેલરે ગેસ બિલ અંગે ઊભી થયેલી પરિસ્થિતિ અંગે રજૂઆત કરી હતી. તેમાં 1999ના કરારમાં સુધારા સાથે 2030 સુધી તબક્કાવાર ટકાવારીથી બિલ ચૂકવવાની જે શરતો નક્કી કરવામાં આવી હતી, તેને હવે 'સેતુ'એ પાછી ખેંચી લીધી છે. જો કે, પર્યાવરણ પ્રત્યેની જવાબદારીને ધ્યાનમાં રાખીને 'સેતુ'એ ગેસ આધારિત સ્મશાનગૃહોની સેવા યથાવત રાખવાનો અને સંપૂર્ણ ગેસ બિલ પોતાની CSR ફંડમાંથી ચૂકવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ અંગેની સત્તાવાર જાણ તા. 18-03-2026થી ગુજરાત ગેસ કંપનીને કરી દેવામાં આવી છે.

## પર્યાવરણ માટે મહત્વપૂર્ણ પગલું

ગેસ આધારિત ભઠ્ઠીઓ પરંપરાગત લાકડાની ચિતાથી વધુ પર્યાવરણમૈત્રી માનવામાં આવે છે. 'સેતુ' દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય શહેરમાં સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ માટે મહત્વપૂર્ણ ગણાઈ રહ્યો છે. શહેરનાં વિવિધ સ્મશાનગૃહોના ટ્રસ્ટી મંડળોએ 'સેતુ' સોસાયટીના સંચાલક મંડળ અને બોર્ડ સભ્યોનો આ નિર્ણય બદલ આભાર વ્યક્ત કર્યો છે. આ નિર્ણયથી સુરત શહેરમાં ગેસ આધારિત સ્મશાન વ્યવસ્થાને વધુ મજબૂતી મળશે અને પર્યાવરણને અનુકૂળ દહનવિધિને પ્રોત્સાહન મળશે.

# તિથલમાં અમેરિકન નાગરિક એવી મહિલા ડિરેક્ટરની છેડતી

**ફિલ્મ** શુટિંગ દરમિયાન વેનિટી વેનમાં એક્ટરે પકડી છેડતી કરી, નિર્માતા-સહાયક ડિરેક્ટરને જાણ કરી તો ગેરવર્તન કર્યું હોવાનો આક્ષેપ

**મુંબઈના** માટુંગા પોલીસમાં ફરિયાદ નોંધાઈ, વલસાડ પોલીસે ત્રણ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

વલસાડઃ વલસાડમાં બે માસ અગાઉ ફિલ્મના શુટિંગ માટે આવેલી એક કાસ્ટિંગ ડિરેક્ટર સાથે છેડતીનો બનાવ બન્યો હતો. ફિલ્મના એક્ટરે તેને વેનિટી વાનમાં પકડી લઇ બિભત્સ હરકત કરી હતી.

આ અંગે કાસ્ટીંગ ડિરેક્ટરે મુંબઇ પહોંચી માટુંગા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે ટ્રાન્સફર થઈને વલસાડ આવી છે. ત્યારે વલસાડ સિટી પોલીસે આ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડના તિથલ દરિયા કિનારે કોઈ ફિલ્મના શુટિંગ માટે આવેલી અમેરિકાની નાગરિક એવી મહિલા કાસ્ટિંગ ડિરેક્ટર સાથે છેડતીનો બનાવ બન્યો છે. તિથલ શ્રીલેખા નજીક તેમની વેનિટી વાનમાં તેઓ ગયા ત્યારે એક્ટર સાહિલ ગોયેલે તેને પકડી લઈ છેડતી કરી હતી. જે અંગે તેણે નિર્માતા મુકેશ ઠાકુર અને સહાયક નિર્દેશક પાર્થ રાવતને ફરિયાદ કરી હતી. ત્યારે તેમણે તેને અવગણી તેની સાથે ખરાબ વર્તન કર્યું હતું તેમજ પાર્થ રાવતે પણ તેની સાથે છેડતી કરી હતી.

ત્યારે મહિલાએ આ અંગે મુંબઈ પહોંચી માટુંગા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

જ્યાં પોલીસે શૂન્ય નંબરથી ફરિયાદ લઈ તેને વલસાડ ટ્રાન્સફર કરી હતી. ત્યારે વલસાડ ટાઉન પોલીસે આ અંગે સાહિલ, મુકેશ અને પાર્થ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પરપ્રાંતિયો પલાયન થતાં નથી, સ્ટેશન પર સ્થિતિ સામાન્યઃ રેલવે

**LPG** કટોકટીના કારણે કામદારોના પલાયનના ભ્રામક વિડીયોથી દૂર રહેવા પશ્ચિમ રેલવેની અપીલ

## ટ્રેનોમાં મુસાફરોની સંખ્યા તેની ક્ષમતા મુજબ, કોઈ પણ પ્રકારનો અસાધારણ ધસારો નથી

ટ્રેન નં. ૦૯૦૯૭ (ઉધના-અયોધ્યા કેન્ટ): સવારે ૧,૮૦૦ મુસાફરો સાથે રવાના થઈ., ટ્રેન નં. ૨૦૯૬૧ (ઉધના-વારાણસી): ૧,૬૦૦ થી ૧,૭૦૦ મુસાફરો નોંધાયા., ટ્રેન નં. ૨૦૯૩૩ (ઉધના-દાનાપુર): ૧,૮૦૦ થી ૧,૯૦૦ મુસાફરોએ પ્રવાસ કર્યો., ટ્રેન નં. ૨૨૯૪૭ (ઉધના-ભાગલપુર): ૨,૦૦૦ થી ૨,૧૦૦ મુસાફરો વહન થયા., ટ્રેન નં. ૦૪૧૫૬ (ઉધના-સુબેદારગંજ): ૧,૬૦૦ થી ૧,૭૦૦ મુસાફરો સાથે રવાના થઈ.

સુરતઃ ડાયમંડ સિટી અને ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતા સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર ઉધના રેલવે સ્ટેશન ના નામે કેટલાક વીડિયો વાયરલ થઈ રહ્યા છે. આ વીડિયોમાં સ્ટેશન પર ભારે ભીડ અને અફરાતફરીનો માહોલ દર્શાવી એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, મધ્ય પૂર્વના દેશોમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે સર્જાયેલી LPG (ગેસ) કટોકટીથી ગભરાઈને પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં વતન તરફ પલાયન કરી રહ્યા છે. જોકે, પશ્ચિમ રેલવેએ આ તમામ અહેવાલો અને વિડિયો ને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે અને સ્પષ્ટ કર્યું છે કે ઉધના સ્ટેશન પર મુસાફરોનો ધસારો સંપૂર્ણપણે સામાન્ય અને નિયંત્રિત છે.

પશ્ચિમ રેલવે દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, સોશિયલ મીડિયા પર ફરતા વીડિયો વાસ્તવિક પરિસ્થિતિ ને પ્રતિબિંબિત કરતા નથી. છેલ્લા બે અઠવાડિયાથી જે પ્રકારે ભ્રામક વાતો ફેલાવવામાં આવી રહી છે, તેનાથી જનતામાં બિનજરૂરી ગભરાટ પેદા થઈ રહ્યો છે. રેલવે વહીવટીતંત્રે ખાતરી આપી છે કે સ્ટેશન પર કોઈ અસામાન્ય ભીડ નથી કે પલાયન જેવી કોઈ સ્થિતિ નથી. સુરત એ રોજગારીનું કેન્દ્ર છે અને અહીં મુસાફરોની અવરજવર બારેમાસ રહેતી હોય છે, જે એક નિયમિત પ્રક્રિયા છે.૧૭ માર્ચના રોજ જે દિવસે ઉધના સ્ટેશન પર 'અનિયંત્રિત ભીડ' હોવાના દાવા કરવામાં આવ્યા હતા, તે દિવસના સત્તાવાર આંકડા કઈંક અલગ જ વાસ્તવિકતા રજૂ કરે છે. રેલવેના ડેટા મુજબ તે દિવસે ઉપડતી તમામ મુખ્ય ટ્રેનોમાં મુસાફરોની સંખ્યા સામાન્ય રહી હતી. રેલવે વહીવટીતંત્રે વધુમાં ઉમેર્યું હતું કે, મુસાફરોની સુરક્ષા અને સુવિધા માટે સ્ટેશન પર પૂરતો સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. ભીડનું વ્યવસ્થાપન કરવા માટે આરપીએફ અને જીઆરપીની ટીમ સતત કાર્યરત છે.

# મિનિ વાવાઝોડાને લીધે ઝીરો વિઝિબિલિટીથી ફ્લાઇટ પર અસર

**એર ઇન્ડિયા** એક્સપ્રેસની બેંગકોકથી સુરત ફ્લાઇટ પોણા બે કલાક સુરત - નવસારીના આકાશમાં ચકરાવો લઈ લેન્ડ થઈ, ટેકઓફ માટે તૈયાર સુરત કોલકાતા ફ્લાઇટનું ટેકઓફ અટકાવવામાં આવ્યું

**મિનિ વાવાઝોડા** અને ખરાબ હવામાનને દિલ્હીથી રાજકોટ જતી ફ્લાઇટ સુરત લેન્ડ કરાવવી પડી

## મિનિ વાવાઝોડા અને ઝીરો વિઝિબિલિટીને લીધે આ ફ્લાઇટ મોડી પડી

-- ઈન્ડિગોની દિલ્હીથી રાજકોટ જઈ રહેલી ફ્લાઇટ સાંજે સુરત એરપોર્ટ ડાયવર્ટ કરી, સેફ લેન્ડિંગ કરવામાં આવી હતી.
-- એર ઇન્ડિયા એક્સપ્રેસની બેંગકોકથી સુરત આવેલી ઇન્ટરનેશનલ ફ્લાઇટ વાવાઝોડાને લીધે એરપોર્ટના ઓપરેશનલ એરિયામાં ઝીરો વિઝિબિલિટીને લીધે લેન્ડ ન થઈ શકતા રાતે 07.34 કલાકથી આ ફ્લાઇટ એ સુરત શહેરનો ચકરાવો લીધો હતો.રાતે 9.16 કલાકે આ ફ્લાઇટ સુરત એરપોર્ટ પર લેન્ડ થઈ હતી.એટલે કે,પોણા બે કલાક સુરતથી નવસારીના આકાશમાં રહી હતી.
-- એર ઇન્ડિયા એક્સપ્રેસ ની દિલ્હી - સુરત ફ્લાઇટ 1.30 કલાક મોડી લેન્ડ થઇ હતી.
-- ઈન્ડિગોની દિલ્હી સુરત ફ્લાઇટ 1 કલાક મોડી રહી હતી.
-- ખરાબ હવામાનને લીધે સુરત્વકોલકતા ફ્લાઇટ સુરત એરપોર્ટ પર ટેક ઓફ માટે તૈયાર ફ્લાઇટ ફરી એપ્રન પર પાછુ લાવવામાં આવ્યું હતું. જે એક કલાકના વિલંબ પછી ટેક ઓફ થઈ હતી.
-- ઈન્ડિગોની સુરત - હૈદરાબાદ ફ્લાઇટ પણ 45 મિનિટથી 1 કલાક મોડી ટેક ઓફ થઈ હતી.

સુરતઃ વરસાદી ઝાપટા અને વરસાદને કારણે એરપોર્ટના ઓપરેશનલ એરિયામાં ઝીરો વિઝિબિલિટી સર્જાઈ હતી, જેના કારણે કેટલીક ફ્લાઇટ એક થી અઢી કલાક મોડી પડી હતી. બે ફ્લાઇટ એપ્રન પર પાછી ફરી હતી.

બીજી તરફ, એર ઇન્ડિયા એક્સપ્રેસની બેંગકોકથી સુરત આવતી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.ઝીરો વિઝિબિલિટી હોવાને કારણે આ ફ્લાઇટ નિર્ધારિત સમયે લેન્ડ થઈ શકી નહોતી અને સાંજે 7.34 કલાકથી લઈને રાત્રે 9.16 સુધી સુરત અને નવસારીના આકાશમાં ચકરાવો લેતી રહી હતી. લગભગ પોણા બે કલાક બાદ સ્થિતિ સામાન્ય થતા સુરક્ષિત લેન્ડિંગ શક્ય બન્યું હતું.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરતમાં 80 કિ.મી.ની...

ઝડપે તોફાની પવન ફૂંકાયો હતો. ભારે પવનમાં એકનું મોત થયું હતું. જ્યારે ચારથી વધુ વ્યક્તિઓને ઇજા પહોંચી છે.

હવામાન વિભાગ દ્વારા સુરત સહિત દક્ષિણ ગુજરાત અને રાજ્યના અનેક વિસ્તારોમાં માવઠાની આગાહી કરવામાં આવી હતી. 19મી તારીખે ગુરુવારે સુરતમાં પણ માવઠું પડશે તેવી શક્યતા દર્શાવવામાં આવી હતી. આગાહી મુજબ દિવસ દરમિયાન શહેરમાં વાદળછાયું વાતાવરણ છવાયેલું રહ્યું હતું, જેના કારણે ગરમીમાં થોડો ઘટાડો અનુભવાયો હતો. શહેરમાં સાંજે અચાનક વાદળો છવાયા હતા. અને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં છુટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા. શહેરમાં સાંજે આશરે 80 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાયો હતો. એરપોર્ટ ઉપર પવનની ઝડપ 80 કિમીની નોંધાઈ હતી. ત્યારપછી પણ સરેરાશ 50 થી 60 કિમીની ઝડપે પવન ફુંકાયો હતો.

### તાપમાનમાં નાનો વધારો છતાં ભેજનું પ્રમાણ વધુ

આજે શહેરનું મહત્તમ તાપમાન 33.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગઈકાલની સરખામણીમાં અડધો ડિગ્રી વધારે છે. લઘુત્તમ તાપમાન પણ 21.2 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 66 ટકા ભેજ હોવાથી ઉકળાટનો અહેસાસ થયો હતો. દિવસ દરમિયાન દક્ષિણ પશ્ચિમ દિશામાંથી બપોરે સરેરાશ 6 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો.

### અડધો કલાક...

નજીકમાં આવેલી દુકાનો, ઝાડો કે પતરાના શેડ નીચે આશરો લેવો પડ્યો હતો. તોફાની પવન સાથે ધૂળની ભારે ડમરીઓ ઉડતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. અનેક વિસ્તારોમાં લોકોએ પોતાના ઘરના બારી-બારણા બંધ કરવા પડ્યા હતા જેથી ધૂળ ઘરમાં પ્રવેશ ન કરે.

### 50થી વધુ...

હતું. ડુમસ સી ફેસ વિસ્તારમાં 10થી વધુ ઝાડ ઉખડી પડ્યા હતા અને અનેક ઝાડ વળી ગયા હતા. હોર્ડિંગ્સ અને સેડ તૂટવાના બનાવો પણ સામે આવ્યા હતા. ડભોલીમાં સિલ્વર સ્ટોન વિલામાં શોપિંગ સેન્ટરના ત્રીજા માળનો પતરાનો શેડ તૂટી પડ્યો હતો. વરાછા ઝોનમાં રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટમાં સેડ લટકી પડવાની ઘટના બની હતી. વાવાઝોડાના કારણે અડાજણ, રાંદેર અને વેસુ વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ઉત્રાણમાં ટ્રાન્સફોર્મર સળગી જવાની ઘટના બની હતી. પીપલોદ ગૌરવપથ વિસ્તારમાં લારીઓના પતરા અને ખુરશી-ટેબલ ઉડી ગયા હતા, જ્યારે ડુમસ રોડ પર સુવર્ણનગરી પાર્ટી પ્લોટનો ગેટ તૂટી પડ્યો હતો. કોઝવે વિસ્તારમાં પાણી રસ્તા સુધી ફરી વળ્યું હતું. ઘણી જગ્યાએ ઝાડ તુટી પડતા વાહનોને નુકશાન નોંધાયુ હતું.

### યોગગુરૂ પ્રદીપ..

લખાણ જોવા મળ્યું હતું, જેનો ઉપયોગ નકલી નોટોની હેરાફેરી માટે કરવામાં આવતો હતો. પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે આ નકલી નોટો સુરતના વરાછા વિસ્તારમાં છાપવામાં આવતી હતી. પોલીસે સુરતમાં પણ કાર્યવાહી કરી અને અંદાજે 80 લાખ રૂપિયાની નકલી નોટો કબજે કરી છે. સાથે જ નોટો છાપવા માટે ઉપયોગમાં લેવાતું પ્રિન્ટિંગ મશીન પણ જપ્ત કરવામાં આવ્યું છે.

ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે એક સફેદ રંગની ફોર્ચ્યુનર કાર (નંબરઃ GJ.05.AR.5252) માં કેટલાક સુરતન શખ્સો નકલી નોટોનો જથ્થો લઈને અમદાવાદમાં વિતરણ કરવા આવી રહ્યા છે. પોલીસે સરખેજ-બાવળા હાઈવે પર વોચ ગોઠવી શાંતિપુરા સર્કલ પાસે આ કારને આંતરી હતી. કારની ચકાસણી કરતાં તેમાંથી 500 ના દરની કુલ 42,000 નકલી નોટો (કિંમત 2.10 કરોડ) મળી આવી હતી.

### આ રીતે મળ્યું...

(https://www.google.com/search?q=Alibaba.com) દ્વારા વિદેશી એજન્ટોના સંપર્કથી મંગાવ્યો હતો.

**ચાઈનીઝ કનેક્શનઃ** આરોપીઓ નકલી નોટ માટે જરૂરી સિક્યોરિટી થ્રેડ વાળું પેપર (જેના પર 'RBI' અને 'ભારત' લખેલું હોય છે) અલીબાબા જેવી ચાઈનીઝ ઓનલાઈન સાઈટ પરથી મંગાવતા હતા.

**ટેકનોલોજીનો દુરુપયોગઃ** નોટ અસલી જેવી જ દેખાય તે માટે આરોપીઓએ ChatGPT જેવા AI પ્લેટફોર્મ અને ફોટો એડિટિંગ સોફ્ટવેરની મદદ લીધી હતી. તેનાથી તેઓએ નોટની ડિઝાઇન અને લેઆઉટને અદ્દલ અસલી જેવું બનાવ્યું હતું.

### શ્રમિકોની હિજરત...

કારણે છેલ્લા એક અઠવાડિયામાં ગેસ સપ્લાય ખોરવાતા એલપીજી સિલિન્ડરની અછત ઊભી થઈ છે. જેથી સચીન GIDCમાં રૂદ્રાક્ષ મીલના માલિક દ્વારા લાકડાની ભઠ્ઠી પર રસોઈ બનાવી કામદારોને ભોજન પૂરું પાડવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. અન્ય મિલ માલિકો પણ આ મોડલ અપનાવવા તૈયાર છે, પરંતુ ગેસ સિલિન્ડર ઉપલબ્ધ થાય તો વધુ સગવડરૂપ અને સલામત વ્યવસ્થા ઉભી કરી શકાય.

સોસાયટીએ કલેક્ટરને વિનંતી કરી છે કે માનવતાની દૃષ્ટિએ મિલ માલિકોને રસોડા માટે કોમર્શિયલ ગેસ સિલિન્ડર ફાળવવામાં આવે અને તેનો યોગ્ય ઉપયોગ થાય તે માટે સંબંધિત વિભાગ દ્વારા નિયમિત સાઇટ વિઝિટ કરીને સુપરવિઝન પણ ગોઠવવામાં આવે.

બીજી તરફ ગેસની અછતને કારણે કાળાબજાર વધતા સ્થિતિ વધુ બગડી રહી છે. સોસાયટી દ્વારા અગાઉ તા. 14 માર્ચે પણ કલેક્ટર અને પોલીસને રજૂઆત કરવામાં આવી હતી, જેના પગલે પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. તેમ છતાં હજુ પણ કાળાબજાર ચાલુ હોવાની ફરિયાદો મળી રહી છે. આ મુદ્દે સચીન GIDC પોલીસ સ્ટેશનના પીઆઈ કુલદીપસિંહ ગોહીલને ફરીવાર મળીને કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

### વડોદમાંથી 35 ભરેલા...

છે. પ્રાથમિક તપાસમાં ગેસ સંગ્રહ અને વિતરણમાં નિયમોના ભંગની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જો કોઈ પણ પ્રકારની ગેરરીતિ સામે આવશે તો કડક કાયદેસર પગલાં લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સિલેન્ડરોની અછત વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ગેસ એજન્સીઓની કામગીરી પર પુરવઠા વિભાગ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી હતી. ગેસના સંગ્રહ, વિતરણ અને કાળાબજારીને રોકવા માટે તંત્ર સતત સતર્ક બન્યું છે. આ રેડ પણ તે જ સખત દેખરેખનો એક ભાગ હોવાનું માનવામાં આવે છે. આ ઘટનાને પગલે અન્ય ગેસ એજન્સીઓમાં પણ ચકચાર મચી ગઈ છે અને તંત્ર દ્વારા આગામી દિવસોમાં વધુ તપાસ અને કાર્યવાહી હાથ ધરાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.આવતીકાલે ગેસ એજન્સીના સંચાલકોને લાયસન્સ ગેસના બોટલના બીલ તેમજ સ્ટોક રજિસ્ટર સાથે રૂબરુ તેડાવવામાં આવ્યા છે. લોકો એક એક બોટલ માટે વલખા મારી રહયા છે તેવા સંજોગમાં મોટી સંખ્યામાં મળેલા ગેસ સિલિન્ડરના મામલે વધુ તપાસ હાથ ધરાશે.

# લાંચ લઈ વલીઉલ્લાને ભગાડનાર બે પોલીસવાળા નિર્દોષ છૂટી ગયા

સુરતઃ 16 વર્ષ પહેલાં માથાભારે વલીઉલ્લાને ભાવનગરથી સુરત કોર્ટમાં લાવનાર પોલીસ જાપ્તાના બે પોલીસવાળાએ હોટલમાં રોકાણ કરી લાંચ લઈ આરોપીને ભગાડી દેવાના કેસમાં બે પોલીસવાળાને કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત મુજબ સને -2010માં સુરત કોર્ટમાં મુદત વખતે ભાવનગરથી પાસાના આરોપી વલીઉલ્લા ઈનાયતખાન પઠાણને સુરત લવાયો હતો. ભાવનગર પોલીસ હેડ ક્વાર્ટસ જાપ્તાના પોલીસ કર્મીઓએ આરોપીને કોર્ટમાં રજૂ કરી ભાવનગર જવા રવાના થવા પહેલાં રેલવે સ્ટેશનની ક્રિષ્ના હોટલમાં રોકાણ કર્યું હતું. ત્યાં પી.આઈ. ચૌહાણે દરોડા પાડતાં આરોપી મળી આવ્યો ન હતો. ભાવનગર પોલીસ હેડ ક્વાર્ટસ જાપ્તાના આ.પો.કો. પ્રવીણભાઈ માધાભાઈ, જીવણભાઈ રાયધણભાઈએ રૂ.2000ની લાંચ લઈને આરોપીને જવા દીધો હતો. આ અંગે જાપ્તાના પોલીસ કર્મી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. પોલીસે આ કેસમાં ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી. આરોપી તરફે એડ્વોકેટ સુબેસિંહ યાદવ તથા એસ.વી.મોદી અને આર.વી.મોદીએ દલીલો કરી હતી. કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી પોલીસકર્મીઓને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

### મોપેડ હંકારનાર ૧૨...

હતી, જ્યારે સ્મીતકુમારને પણ શરીરે ગંભીર ઈજા થઈ હતી. આથી બંનેને તાત્કાલિક ૧૦૮ મારફતે સોનગઢ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં ફરજ પરના તબીબે બંનેને મૃત જાહેર કર્યાં હતાં. આ મામલે મૃતક બાળકીના પિતા અમીતભાઈએ સોનગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા બાળ કિશોર વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૮૧, ૧૦૬(૧) અને મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. વગર લાઈસન્સે અને ગફલતભરી રીતે વાહન ચલાવવાને કારણે બે આશાસ્પદ બાળકોનાં મોત થતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

### દિવાલો તોડવી પડી...

અગાસી ઉપર પતરાના શેડની અંદર અલગ અલગ નાની રૂમો બનાવવામાં આવી હતી. જયા કારીગરો રહેતા હતા અને ત્યાં જ રસોઈ બનાવતા હતા. જે જગ્યાએ રૂમો બનાવવામાં આવી હતી તે જગ્યા ખુબ જ સાંકડી હતી. કારીગરો અંદર ફસાયેલા હતા. જેથી ફાયરબ્રિગ્રેડના જવાનોએ ઉપર પહોંચ્યા હતા અને કેટલીક રૂમ તોડવામાં આવી હતી ત્યારે અંદર અમુક કારીગરો બેભાન હાલતમાં પડેલા હતા. આ રીતે 11 કારીગરોને લેડરની સહાયતાથી નીચે ઉતારવામાં આવ્યા હતા અને ત્યારબાદ સારવાર માટે ખસેડવામા આવ્યા હતા. તેમજ આ મકાનમાંથી આઠ સીલીન્ડર મળી આવ્યા હતા જો આ તામ સીલીન્ડર આગની ચપેટમાં આવતે તો ભારે ખાનાખરાબી થવાની શક્યતા હતી.

### બિલ્ડીગમાં 22 લોકો...

ત્યાં મજૂરો જે નાના ગેસ સિલિન્ડરમાં પોતાનું જમવાનું બનાવતા હતા, તે સિલિન્ડરોમાં બ્લાસ્ટ થયો. સિલિન્ડર બ્લાસ્ટ થવાના કારણે આગ વધુ પ્રચંડ બની ગઈ હતી.

### કાપોદ્રામાં આગ...

કોપોદ્રામાં મારુતિ ચોક ખાતે આવેલ રહેણાંક સોસાયટી ભરતનગરમાં ગીચતાવાળી ગલી નંબર 2, પ્લોટ નંબર 46-47માં ગ્રાઉન્ડ સહીત ત્રણ માળના મકાનમાં એમ્બ્રોડરી, હોટફિક્સ, સંચા મશીન સહિતના ખાતા ધમધમતા હતા. મકાનમાં ત્રીજા મળે ગેરકાયદે બનાવવામાં આવેલ પતરાના શેડની અંદર કારીગરોને રહેવા માટે રૂમો બનાવવામાં આવી હતી. ગુરુવારે વહેલી સવારે 5.30 કલાકે ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગતા ફાયરબ્રિગ્રેડ કંટ્રોલમાં જાણ કરવામાં આવી હતી. ગણતરીની મિનિટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ઉપરના ત્રણેય માળ પણ આગની ઝપેટમાં આવી ગયા હતા. ત્યારબાદ ઘટનાની ગંભીરતા સમજીને શહેરના પુણા, કાપોદ્રા, સરથાણા, અશ્વિનીકુમાર, ડુંભાલ, કતારગામ, માનદરવાજા સહિત ફાયર સ્ટેશનોથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ભીષણ આગ પર કાબુ મેળવવાની કવાયત હાથ ધરી હતી. સબ ફાયર ઓફિસર દિનુ પટેલે સમગ્ર વિગત આપતા જણાવ્યું હતું કે અમારી ટીમ પહોંચી ત્યારે ખાતાની અંદર ઈલેક્ટ્રિક સપ્લાય ચાલુ હતો અને પહેલો માળ સળગતો હતો. જેને બુઝાવવા માટે પાણીનો મારો ચાલુ કરવામાં આવ્યો હતો. તેટલામાં એક પછી એક એમ ત્રણ સિલિન્ડરો બ્લાસ્ટ થઇ ગયા હતા. ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા આગ વધુ વિકરાળ બની હતી અને ત્રીજા માળ સુધી પહોંચી ગઈ હતી. ત્રીજા માળની અગાસી ઉપર પતરાના શેડ બનાવવામાં આવ્યા હતા. જ્યાં અલગ અલગ આશરે 6 રૂમો હતી અને તેની અંદર ખાતાના કારીગરો રહેતા હતા. જ્યાં 13 કારીગરો ફસાઈ ગયા હતા. જે તમામને ભારે જહેમત બાદ રેસ્કયુ કરવામાં આવ્યા હતા પરંતુ આગમાં દાઝી જવાથી અને ગૂંગળામણ થવાથી હરિરામ (ઉ.વ.25) અને ઈબ્રાહિમ શેખ (ઉ.વ.36 ) નાઓના મોત નિપજ્યા હતા. જ્યારે બાકીના 11 કારીગરોને ગૂંગળામણ થતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતા. ચારથી સાડા ચાર કલાકની ભારે જહેતમ બાદ કાબુ કરવામાં આવી હતી. આગમાં ખાતામાં રહેલા સિલાઈ મશીનો તથા મટિરિયલ સહીત મોટા પ્રમાણ સામાન બળીને ખાક થઇ ગયો હતો.

# એરપોર્ટ પર કામ કરતા બે શ્રમિકો 25 ફૂટ ઊંચેથી પટકાયા

સુરતઃ મૂળ નડિયાદ કપડવંજના વતની 25 વર્ષીય સંજય ચીમન ચાવડા હાલ સુરત એરપોર્ટમાં રહે છે અને ફેબ્રિકેશનનું કામ કરે છે. ગુરુવારે સાંજે સંજય તેના અન્ય મિત્રો 19 વર્ષીય ભાવેશ પુનમભાઈ રાઠોડ, 30 વર્ષીય મુકેશભાઈ અને 35 વર્ષીય દિનેશ બાબરભાઈ પરમાર સુરત એરપોર્ટ પર કાર્બનનાઈટ સીટ ફિટ કરવાનું કામ કરી રહ્યા હતા. ત્યારે અચાનક વાવાઝોડું આવતા સંજય અને ભાવેશ સીટ સાથે 25 ફૂટ ઉપરથી નીચે પટકાયા હતા. જ્યારે મુકેશભાઈ અને દિનેશ બચી ગયા હતા. ઈજાગ્રસ્ત સંજય અને ભાવેશને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# દક્ષિણ ગુજરાતમાં વાવાઝોડું વિનાશક બની આવ્યું

- » ભરૂચ સહિતના અનેક વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા
- » સુરત, તાપી અને ભરૂચ જિલ્લામાં વીજળી વેરણ
- » બારડોલીના પણદા ગામે માહ્યાવંશી મહોલ્લામાં ઘરનાં પતરાં ઊડ્યાં
- » વાંકલમાં ઝાડ પડ્યું હતું. તો કીમના અણીતામાં ઝાડ પડવાથી કારને નુકસાન
- » વકીલપુરામાં મંડપ અને વાડી ગામે સોલાર પેનલ ઊડી ગઈ
- » નવસારીમાં વાવાઝોડાના કારણે અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ
- » ખેરગામ વિસ્તારમાં ઝાપટા પડતાં પશુપાલકો ઘાસચારો બચાવવા દોડ્યા
- » વાપી, ચીખલી, દમણમાં ભારે પવનના કારણે વાહનવ્યવહાર અવરોધાયો
- » વલસાડના પારસીવાડમાં વૃક્ષ તૂટી પડતાં વીજ પુરવઠો ખોરવાયો
- » ડાંગ સહિતના વિસ્તારોમાં કેરી સહિતના પાકોને અસર

## એરપોર્ટના ટોલનાકાનું છાપરું પડતાં મજૂરને ઈજા, સુવર્ણભૂમિ પાર્ટી પ્લોટનો ગેટ તૂટી પડ્યો, ગૌરવપથની હોટલમાં આગ

વાવાઝોડાને કારણે એરપોર્ટ પાર્કિંગ પાસે બની રહેલા નવા ટોલનાકાના છાપરા તૂટી પડતાં એક મજૂર ઈજાગ્રસ્ત થયો હતો, જેને સારવાર માટે ગ્લોબલ સનસાઈન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યારે સુવર્ણભૂમિ પાર્ટી પ્લોટનો ગેટ તૂટી પડતા અફરાતફરી મચી જવા પામી હતી. પાલ-ગૌરવપથ વિસ્તારમાં આવેલી હોટેલ રોઝમેરીનસ રેસ્ટ્રોમાં આગ લાગતા તાત્કાલિક બંધ કરાવવામાં આવી હતી.

## સાંભળ્યા વિના નામંજૂર ઈમ્પેક્ટ ફીની અરજીનો નિર્ણય રદબાતલઃ હાઈકોર્ટ



સુરતઃ રાજકોટના અરજદાર કશ્યપભાઈ કોટેચા અને અન્યો દ્વારા રાજકોટના મોટામવા ગામે સોસાળીના તેમના ખરીદેલા પ્લોટમાં કરેલા કોમર્શિયલ બાંધકામને નિયમિત કરવા માટે કરાયેલી અરજીને રાજકોટ મનપા દ્વારા નકારી દેવાના કેસમાં અરજદારો દ્વારા એડવોકેટ મીત કાકડિયા મારફત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી કે રાજકોટ મનપા દ્વારા અરજદારોને સાંભળ્યા વિના જ અને સુનાવણીની તક પૂરી પાડ્યા વિના ઈમ્પેકટ ફીની અરજી નામંજૂર કરવામાં આવી છે. આ અરજીમાં હાઈકોર્ટ દ્વારા એવો આદેશ કરાયો છે કે, માત્ર પેનલ એડવોકેટનો અભિપ્રાય ઈમ્પેકટ ફી બાબતે નિર્ણય લેવા માટે પૂરતો નથી. જેથી રાજકોટના તત્કાલિન મ્યુનિ. કમિ. દ્વારા લેવામાં આવેલો નિર્ણય રદબાતલ છે.

હાઈકોર્ટે આવા તમામ કિસ્સાઓમાં મેટર નવેસરથી રાજકોટ મનપાને રિમાન્ડ કરી દીધી છે અને કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ નિર્ણય લેવા માટે આદેશ કર્યો છે.

### મૃતકોનાં નામ

(1) ઇબ્રાઇમ
(2) હરિરામ

### ઇજાગ્રસ્તનાં નામ

(1)બાબા ચાહત મુલ્લા (ઉ.વ.૩૫)
(2)એમડી જુનૈદ (ઉ.વ.૨૧)
(3)શબ્બીર (ઉ.વ.૪૯)
(4)વિમલ યાદવ (ઉ.વ.33)
(5)રામબલી યાદવ (ઉ.વ.૩૧)
(6)અજમલ શેખ (ઉ.વ.૪૬)
(7)અહેમદ (ઉ.વ.૨૭)
(8)શમશેર અંસારી (ઉ.વ.33 )
(9)શમીમ (ઉ.વ.૪૫ )
(10)કનૈયા ચૌધરી (ઉ.વ.૨૩)
(11)બીરેન